ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૨.૨ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૮૪ ટકા

ગાંધીનગર તાપમાન

# શહેરના દિવ્યાંગ બાળકોને સાધન સહાયનું વિતરણ

## વડાપ્રધાનશ્રીના જન્મદિવસ નિમિત્તે યોજાયેલ સેવા સપ્તાહ કાર્યક્રમ અંતર્ગત સે-૧૯માં સ્પેશ્યલ ચિલ્ડ્રન હોમ ખાતે નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલના હસ્તે દિવ્યાંગ બાળકોને સાધન સહાયનું વિતરણ







ગાંધીનગર, તા.૧૫

ભારતના યશસ્વી પ્રધાનમંત્રી અને ગુજરાતના પનોતા પુત્ર એવા માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે રાજયભરમાં સેવા સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. આ સપ્તાહની ઉજવણી અંતર્ગત આજરોજ ગાંધીનગરના સેકટર-૧૯માં આવેલા સ્પેશ્યલ ચિલ્ડ્રન હોમ ખાતે નાયબ મુખ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલના હસ્તે દિવ્યાંગ બાળકોને વિવિધ સાધન સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ૭૦ દિવ્યાંગ બાળકોને વિવિધ ઉપયોગી સહાય આપવામાં આવી હતી.

આ પ્રસંગે રાજયના નાયબ મુખ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, આજે આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની નામના વિશ્વભરમાં છે. તેમજ સમગ્ર વિશ્વ આજે તેમને વિશ્વ નેતા તરીકે સ્વીકારી રહી છે, એવા ગુજરાતના સપૂત અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસને સમગ્ર રાજયમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા સેવા સપ્તાહ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે.

આપણા દેશના માર્ગદર્શક, વિકાસના ચિંતક અને નેતા એવા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્ય મંત્રી હતા, ત્યારે પ્રથમ વર્ષે તેમના જન્મ દિવસે તેમના શુભ ચિંતકો દ્વારા ફૂલહાર, બુકે અને સોગાદ આપી જન્મ દિવસની શુભકામનાઓ પાઠવી હતી. ત્યારે તેમણે આવું ન કરવા જણાવ્યું હતું. તેમજ દેશના વડાપ્રધાન વ્યક્તિગત રીતે પોતાના જન્મ દિવસની ઉજવણી કરતા નથી. તે પછી પક્ષ દ્વારા તેમની મંજૂરી લઈ તેમના જન્મ દિવસે સેવાકીય કાર્ય કરવામાં આવશે, તેવું જણાવતા તે વાતને તેમણે સંમતિ આપી હતી. ત્યારથી દર વર્ષે તેમના જન્મ દિવસે ભાજપ દ્વારા હોસ્પિટલમાં દર્દીઓને ફળફળાદીનું, ગરીબ બાળકોને ચોપડા-દફતર, ભોજન અને રકતદાન કેમ્પ જેવા વિવિધ સેવાકીય કાર્ય કરીને ઉજવવામાં આવી રહ્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મ દિવસ જે રીતે સમગ્ર દેશમાં વિવિધ સેવાકીય કાર્યો કરી પક્ષ, સેવાભાવી સંસ્થાઓ અને વ્યક્તિઓ દ્વારા ઉજવણી કરવામાં આવી રહ્યો છે, તેવી રીતે દેશના કોઈપણ વડાપ્રધાનના જન્મ દિવસની ઉજવણી કરાઈ નથી, તેવું જણાવી નાયબ મુખ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીને આ સેવાકીય કાર્યોથી આનંદ થાય છે, જેથી દેશ-રાજયમાં તેમના જન્મ દિવસ નિમિત્તે જળસંચય, વૃક્ષારોપણ, રકતદાન કેમ્પ, દિવ્યાંગોને સાધન સહાય અને ગરીબો માટે સેવાકીય કાર્ય કરવા આજે સેવાસપ્તાહ ઉજવાઈ રહ્યો છે.

દેશના વડાપ્રધાનશ્રીએ દિવ્યાંગ બાળકો પણ સામાન્ય વ્યક્તિની જેમ જીવન જીવે તેની ચિંતા કરી છે. જેથી સરકાર તેમજ સેવાભાવી સંસ્થાઓ થકી કરોડો બાળકોના જીવનમાં જરૂરિયાત ચીજવસ્તુઓ અને અન્ય સહાય કરી તેમને સામાન્ય જીવન જીવતા કરવાનો ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો છે.

જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન દ્વારા આજે સ્પેશિયલ ચિલ્ડ્રન હોમ ખાતે રહેતા ૭૦ જેટલા દિવ્યાંગ અને અનાથ બાળકોને તેમની જરૂરિયાત મુજબની અધતન સુવિધાવાળી ટ્રાયસિકલ અને ઉપયોગી સાધનોની અને અન્ય સહાયનું વિતરણ સેવા સપ્તાહ અંતર્ગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજયના નાયબ મુખ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલને એક બાળક દ્વારા પોતાના હસ્તે દેશના વડાપ્રધાનનું સુંદર ચિત્ર દોરીને અર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રી સહિત મહાનુભાવાના હસ્તે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મેયર રીટાબેન પટેલે બાળકોને સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત સાથે પિકનીક કરાવવાનું વચન આપેલ હતું તેની યાદ દેવડાવી તે વચન જલ્દી પુરું કરવાની કટીબધ્ધતા વ્યકત કરી હતી.

આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર રીટાબેન કેતનકુમાર પટેલ, ગાંધીનગર શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ તથા રાજસ્થાન સાર્વજનિક સેવા ટ્રસ્ટના અધ્યક્ષ અને સે-૨૪ના અગ્રણી તુલસીભાઈ માળી સહિત કોર્પોરેટર પ્રણવ પટેલ, ધવલ શાહ સહિત પક્ષના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. વિશેષ સંસ્થાના અનુપ પરીખ, દિપાલી ઉપાધ્યાય, ચિરાગ ઉપાધ્યાય સહિત પદાધિકારીઓએ કાર્યક્રમનું સંકલન કર્યું હતું.

### સેકટર-૫-સીની ઘટનાની જેમ

# સેકટર-૨૬ અને ૨૭માં પણ બાળકો ઉઠાવી જવાના પ્રયત્નો થયા હોવાની ચર્ચા

ગાંધીનગર, તા.૧૫

રાજયના પાટનગરમાં નાના બાળકોને ઉઠાવી જવાના પ્રયાસોને પગલે શહેરીજનોમાં દહેશતની લાગણી ફેલાઈ છે. ત્યારે સે-૫-સીના રહીશોએ કરેલી અરજીને અનુલક્ષીને અન્ય સેકટરના નાગરિકો પણ આ મુદ્દે સામે આવ્યા છે. ગત ઓગસ્ટ માસમાં સેકટર-૨૬ અને ૨૭માં પણ આ પ્રકારના એક બાઈક ચાલકે ભયનો માહોલ ફેલાવ્યો હતો. ઘરની નજીક અને આસપાસ રમી રહેલા બાળકો તેમજ માર્ગ પરથી પસાર થતા એકલ દોકલ બાળકીને બાઈક ચાલકે હેરાન કરી હતી.

સ્થાનિક નાગિરકોમાં થતી ચર્ચા મુજબ ૧૫મી ઓગસ્ટ આસપાસ સાંજના સુમારે મોઢા પર માસ્ક પહેરીને સફેદ રંગના બાઈક ચાલકે એક બાળકીને બે વખત નિશાન બનાવી હોવાનું પણ ધ્યાને આવ્યું છે. દસ, અગિયાર વર્ષની બાળકી પોતાની ઘરની નજીક આવેલી દુકાન પર જઈ રહી હતી ત્યારે બાઈક ચાલકે આંટાફેરા માર્યા હતા અને અંધારું જોઈને બાળકીને ખેંચી જવા પ્રયાસ કર્યો હતો. બાળકી દુર ભાગી જતા બચી ગઈ હતી પરંતુ બાઈક ચાલકે તેનો પીછો છોડયો ન હતો. બાળકી પોતાના ઘરે પરત જતી હતી ત્યારે થોડીવાર તેનો પીછો કર્યો હતો અને ઘરના દરવાજા પાસે તેને ખેંચવાનો પ્રયાસ કર્યો હતો. બાળકીની માતા દોડી આવી હતી જેથી બાઈક ચાલક નાસી છૂટયો હતો. સ્થાનિકોના દાવા પ્રમાણે સેકટર-૨૭માં બનેલી આ ઘટના અંગે પોલીસ મથકમાં અરજી કરવામાં આવી હતી તેની સાથે બાઈક ચાલકના સીસીટીવી ફૂટેજ પણ આપવામાં આવ્યા હતા. આ ફૂટેજમાં બાઈકનો નંબર સ્પષ્ટ દેખાતો નથી પરંતુ બાઈકચાલકે બાળકીનો પીછો કર્યો હોવાનું સ્પષ્ટ જોઈ શકાય છે. જયારે બીજી તરફ સેકટર-૨૬માં પણ આ પ્રકારના કિસ્સા થયા હોવાનું પ્રકાશમાં આવ્યું છે. ઘર નજીક સાંજના સુમારે એક મહિલા ચાલી રહી હતી તે દરમિયાન એક બાઈકચાલક અચાનક નજીક આવી ગયો હતો. મહિલાની છેડતીનો પ્રયાસ કર્યો હતો. જો કે મહિલાએ હો હા કરતાં તે ભાગી ગયો હતો. પરંતુ થોડો આગળ ઉભો રહીને બિભત્સ ચેનચાળા કરતો હતો. સ્થાનિક નાગરિકો આ બાઈકચાલકને પકડવા નજીક ગયા ત્યારે તે બાઈક દોડાવી નાસી છૂટયો હતો.

# સ્વજનોના અસ્થિ વિસર્જન માટે મહામંડળની ટીમ હરિદ્વાર જવા રવાના

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી સ્વજનોના અસ્થિ વિસર્જનની કામગીરી કરવામાં આવી રહી છે. આ વર્ષે તા. ૮ માર્ચ થી ૧૩ ઓકટોબર દરમિયાન ગાંધીનગર, સરગાસણ અને દહેગામ ખાતે અવસાના પામેલા સ્વજનોના ૨ હજારથી વધુ અસ્થિ સંસ્થાના કાર્યકર્તા દ્વારા હરિદ્વાર વિસર્જીત કરવામાં આવનાર છે. આ વિધિવત કાર્ય માટે નગરના ઉલ્લાસ વોરા, તુષાર ધનેશ્વર, હિતેશ રાવલ અને રાકેશ ઉપાધ્યાયે આજે સોશ્યલ ડિસ્ટન્સના પાલન સાથે હરિદ્વાર જવા માટે પ્રસ્થાન કર્યું છે. આ કાર્યની વ્યવસ્થા જયોતિ મહિલા મંડળના પ્રમુખ ડૉ. ચેતના બુચ દ્વારા સંભાળવામાં આવી હતી.



ઉલ્લેખનીય છે કે આજના આ કાર્યક્રમની જાણ પોસ્ટકાર્ડ લખી સંસ્થાના મુકેશ શુકલ, શશીકાંત મોઢા, પ્રદીપ સોલંકી તથા અરૂણ બુચ દ્વારા કરવામાં આવી હતી. ૨ હજારથી વધુ સ્વજનોના અસ્થિ વિસર્જન નગરન યુવાનો, મહામંડળ તથા મહાનગરપાલિકાના સહકારથી પૂર્ણ થશે.

## ભાજપ દ્વારા અંધત્વ નિવારણ કેમ્પ યોજાશે

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર મહાનગર દ્વારા અંધત્વ નિવારણ કેમ્પ સહિત વિવિધ સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

કોર્પોરેટર હર્ષાબા ધાંદલ તેમજ ડૉ. તેજલ દલાલના સૌજન્યથી તેજ આઈ સેન્ટર, સેકટર-૬ ખાતે તા. ૧૭મી સપ્ટેમ્બરના રોજ સાંજે ૪ થી ૬ દરમિયાન અંધત્વ નિવારણ કેમ્પ યોજાશે. આ કેમ્પમાં નિ:શુલ્ક દવા તથા ચશ્મા આપવામાં આવશે. ડાયાબીટીસના દર્દીએ ૯૯૨૪૦ ૮૮૫૦૦, ૮૪૦૧૯ ૦૨૩૩૫, ૯૩૭૬૧ ૮૮૮૮૮૫૨ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આ ઉપરાંત શહેરમાં ફરતા માનસિક અસ્વસ્થ લોકોને સ્વચ્છ કરી નવા વસ્ત્રો અને ચંપલ પહેરાવી ભોજન કરાવવામાં આવશે. આ કાર્યક્રમ મુક્તાગૌરી અન્ન ક્ષેત્ર ખાતે યોજાશે એમ વોર્ડ નં.૧ના સેવા સપ્તાહના ઈન્ચાર્જ વિક્રમભાઈ દેસાઈએ જણાવ્યું છે.

દેશના મા.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ના આગામી તારીખ ૧૭ સેપ્ટ.ના રોજ ૭૦ માં જન્મદિવસ નિમિત્તે આજથી ભાજપ દ્વારા સેવા સપ્તાહ શરૂ કરવામાં આવ્યું. જે અંતર્ગત આજરોજ વોર્ડ નં ૧ ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં લાંબા આયુષ્યના વૃક્ષો વાવીને તેને જતન કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. આ પ્રસંગે કોર્પોરેટર નિતીનભાઈ પટેલ, શહેર ઉપાધ્યક્ષ ઉરેન પટેલ, કીર્તિ પટેલ, વોર્ડ પ્રમુખ ઉમેશ જહાં, મહામંત્રી પ્રવીણ પટેલ, પુર્વ પ્રમુખ ધર્મેન્દ્ર પટેલ, કાર્યક્રમના ઈન્ચાર્જ જીલુભા ધાંધલ, વિક્રમ દેસાઈ, યુવા મોરચાના વિરલ પટેલ, કૃતીક ભટ્ટ તથા કાર્યકર્તાઓએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



# રણાસણ ઓવરબ્રિજ નીચેથી ૩૦૦ કિલોની ૩ એંગલોની ચોરી

ગાંધીનગર, તા.૧૫

એસ.પી. રીંગરોડ પર રણાસણ ઓવરબ્રિજ નીચેથી ગત રાત્રિના સુમારે ૩૦૦ કિલો વજનની ૩ એંગલો અજાણ્યા શખ્સો રીક્ષામાં લઈને છુમંતર થઈ ગયા હતા. બનાવ અંગે સાઈટ સુપરવાઈઝરે ડભોડા પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ મુળ ઉ.ગુ.ના અને હાલ નાના ચિલોડા ખાતે રહેતા પિયુષ પટેલ છેલ્લા બે વર્ષથી સાઈટ સુપરવાઈઝર તરીકે ફરજ બજાવે છે. તેઓએ ફરિયાદમાં જણાવ્યા મુજબ ગતરોજ તે પોતાની ઓફિસ ખાતે હાજર હતા તે સમયે સાઈટ એન્જિનિયર્સ દોડીને ફરિયાદીની ઓફિસમાં આવી ગયા હતા અને ફરિયાદીનો જણાવ્યું કે ઓફિસની પાછળની બાજુએ ચાલતી સાઈટ પર જમીને સુઈ ગયો હતો તે સમયે થોડાક અંતરે સીએનજી રિક્ષા શરૂ થવાનો અવાજ આવતા જાગી ગયો હતો અને તે દિશામાં જોતા બે વ્યકિત રીક્ષા લઈ જતા રહ્યા હતા. રીક્ષામાં લોખંડની એંગલો જેવું દેખાતા સાઈટ પર સાધનો પાસે જઈ તપાસ કરતા લોખંડની ત્રણ એંગલોની ચોરી થઈ હોવાનું જણાયું હતું જયારે રીક્ષા લઈ ચોર ઈસમો નરોડા તરફ ભાગ્યા હતા. રીક્ષાની શોધખોળ કરતા મળી આવી ન હતી. ત્યારબાદ રૂ. ૭૫૦૦ની કિંમતની લોખંડની ૩ એંગલોની ચોરી અંગે ગુનો નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## અભિનંદન

જાણીતા સામાજીક કાર્યકર અને મુકતાગૌરી ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી



વિભાબેન જગદીશચંદ્ર ઠકકરને લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફોર્ટ ડિસ્ટ્રીકટ ૩૨૩૨ બી-૧ રીજીયન-૨, ઝોન-૧ના વર્ષ ૨૦૨૦-૨૧ના પ્રમુખ પદે નિમણુંક થવા બદલ લોહાણા સમાજ તેમજ સમાજના અગ્રણીઓ તેમને અભિનંદન પાઠવે છે.

# ગોકુળપુરા ખાતે રોડ પર ગાયોનો અડીંગો વાહનચાલકો માટે જોખમી બન્યો

## ગાયોના ટોળામાંથી અચાનક દોડેલા આખલાથી સ્કૂટર ચાલક યુવતીનો આબાદ બચાવ : થોડા દિવસ પહેલાં એક યુગલ પણ અકસ્માતનો ભોગ બનતાં માંડ બચ્યું હતું

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરમાં રખડતી ગાયોનો પ્રશ્ન ખૂબ જ વિકટ બનવા પામ્યો છે જેમાં ખાસ કરીને 'ક' માર્ગ પર ગોકુળપુરા પાસેના વિસ્તારમાં આ સમસ્યા ખૂબ જ વધી જવા પામી છે જે વાહનચાલકો માટે અત્યંત જોખમી સાબિત થઈ રહી છે. દર વર્ષે ચોમાસા દરમિયાન સર્જાતી આ જોખમી પરિસ્થિતિ પ્રત્યે અનેક રજૂઆતો છતાં માત્ર વોટબેંક નજર સમક્ષ રાખીને કાર્ય કરતા સત્તાધીશો દ્વારા સતત તેની ઉપેક્ષા કરવામાં આવી રહી છે જે અંગે આસપાસના વિસ્તારના રહીશોમાં આક્રોશની લાગણી ફેલાવા પામી છે. આજે સાંજના સમયે બનેલી એક ઘટનામાં એક સ્કૂટર ચાલક યુવતી રોડ પર અચાનક દોડવા માંડેલા આખલાને કારણે માંડ માંડ અકસ્માતનો ભોગ બનતા બચી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ આ સ્થળે ગત વર્ષે બે યુવતીઓએ અકસ્માતમાં





પોતાના જીવ ખોયા છે અને તાજેતરમાં થોડા દિવસ પહેલા જ એક યુગલ પણ અકસ્માતનો ભોગ બનતા બચ્યું હતું.

ગઈકાલે સાંજે બનેલા બનાવમાં 'ક' માર્ગ પરથી સ્કૂટર લઈને પસાર થઈ રહેલી એક યુવતી સામે ગાયોના ટોળામાં ઉભેલો એક આખલો અચાનક દોડવા લાગ્યો હતો જેના કારણે યુવતીને અચાનક બ્રેક મારી પોતાના વાહનને રોડની નીચે ઉતારી દેવાની ફરજ પડી હતી. આ ઘટનામાં સ્કૂટર ચાલક યુવતી અકસ્માતનો ભોગ બનતાં માંડ માંડ બચી હતી અને તે અત્યંત ગભરાઈ જવા પામી હતી. જો તેને આખલાએ હડફેટે લીધી હોત તો અથવા તેનું સ્કૂટર સ્લીપ ખાઈ ગયું હોત તો તેને ગંભીર ઈજાઓ થવાનું નિશ્ચિત હતું. આવી ઘટનાઓ અહીં દિવસ દરમિયાન અનેકવાર સર્જાઈ રહી છે. જેમાં ખાસ કરીને સ્કુટર-બાઈક ચાલકો માટે ખૂબ મોટું જોખમ સર્જાઈ રહ્યું છે. વળી આ માર્ગ પર જીઆઈડીસીના હેવી લોડિંગ ટ્રાફિકની મોટી અવર જવર હોવાથી રોડ પર બેસેલી ગાયોના ટોળાને કારણે વારંવાર ટ્રાફિક જામ થવાનો પ્રશ્ન સર્જાય છે. ગત વર્ષે આ માર્ગ પર એક શિક્ષિકા અને એક યુવતી હેવી લોડિંગ વ્હિકલ સાથે અકસ્માતનો ભોગ બની પોતાનો જીવ ગુમાવી ચૂક્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગોકુળપુરા વિસ્તારમાં મોટી સંખ્યામાં માલધારી પશુપાલકો વસવાટ કરે છે જેના કારણે આ વિસ્તારમાં રખડતી ગાયોનો પ્રશ્ન સૌથી વધુ જોવા મળે છે. જોકે પોતાની વોટબેંક સાચવવાની લાલચમાં સ્થાનિક કોર્પોરેટર સહિત રહેતા નાગરિકો તથા આ માર્ગ પરના વાહન ચાલકો માટે અત્યંત જોખમી સાબિત થઈ રહી છે. તમામ સત્તાધીશો દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે અને સત્તાધીશોને આ ગંભીર બેદરકારી આ વિસ્તારમાં રહેતા નાગરિકો તથા આ માર્ગ પરના વાહનચાલકો માટે અત્યંત જોખમી સાબિત થઈ રહી છે. જેના કારણે આ વિસ્તારના વસાહતીઓમાં સત્તાધીશો પ્રત્યે રોષની લાગણી પ્રવર્તતી જોવા મળી રહી છે. અગાઉ વાવોલમાં વિવિધ પ્રશ્ને રચનાત્મક અભિગમથી કાર્ય કરતી વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ દ્વારા જિલ્લા કલેક્ટર, મેયર તથા ગુડાના અધિકારી વગેરેને મૌખિક તથા લેખિત રજૂઆત કરવામાં આવી હતી. ક માર્ગ પરનો આ ગાયોનો પ્રશ્ન સત્વરે ઉકેલાય તેવું વાવોલ તથા ગોકુળપુરાની આસપાસના વસાહતીઓ ઈચ્છી રહ્યા છે નહીંતર નાગરિકોને ગાંધી ચિંધ્યા માર્ગે રસ્તા રોકો આંદોલન સહિતના પગલાં લેવા પડશે તેવું ચર્ચાઈ રહ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. દવે ઉર્મિલાબેન દેવજીભાઈ, ઉ.વ. ૬૩, દંતાલી, તા. ગાંધીનગર
- સ્વ. પટેલ બાલુભાઈ નરોત્તમદાસ, ઉ.વ. ૭૨, ઈટાદરા, તા. માણસા
- સ્વ. લક્ષ્મીબેન પોપટજી મારવાડી, ઉ.વ. ૭૫, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. પ્રેમકુંવરબા સોમસિંહ સિસોદીયા, ઉ.વ. ૮૩, રાયસણ, તા. ગાંધીનગર
- સ્વ. ધનીબેન બાલુભાઈ સલાટ, ઉ.વ. ૫૮, સે-૨૮, છાપરાં, ગાંધીનગર
- સ્વ. સુથાર મંજીબેન ચુનીલાલ, ઉ.વ. ૯૧, માણેકપુર, તા. ગાંધીનગર
- સ્વ. જ્ઞાનચંદ મગનજી કોટવાની, ઉ.વ. ૬૩, શિરોહી, રાજસ્થાન